સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

મતદાર રહ્યા નથી મૂર્ખ, હવે તો સમજો !
મારી કોથળામાં પાંચ શેરી, હવે તો સમજો !
સમજી ગયા છે સૌ, મ્હોરાં પાછળ શું છે મિત્રો -
રહ્યાં જ રાજ રાવણનાં ય, હવે તો સમજો !

હાઈકુ

બદલી નાખો !
હતાશા ખંખેરીને -
'હાર'નું નામ !

મશીને પણ
લ્યો ! ભરાવ્યાં શિંગડાં -
ઊર્વિશ જેમ ?!

ચિંતન

રૂપોપન્યાસાત્ ।

ઉપરોક્ત સૂત્ર બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ ચે.

ઉપનિષદમાં પરમાત્માના જ વિરાટ વિશ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે.

પરમાત્માને સમસ્ત સંસારના મૂળભૂત એક માત્ર કારણ રહેવા માટે અહીં એક બીજી વિચારધારા રજૂ કરવામાં આવે છે. ઉપનિ,દ અને વેદાદિગ્રંથોમાં સારરૂપ અથવા સર્વાધાર કહી બતાવ્યા છે.

ગીતાના અગિયારમાં અધ્યાયમાં પણ એમના અદ્દભૂત વિશ્વરૂપનો રસમય ઉલ્લેખ કહેવામાં આવ્યો છે.

મુંડક ઉપનિષદમાં કહેવાયું છે કે, 'અગ્નિ પરમાત્માનું મસ્તક છે, સૂર્ય તથા ચંદ્ર બે નેત્ર છે, દિશાઓ કાન છે, વેદ પરમાત્માની વાણી છે, વાયુ એમનો પ્રાણ અને સમસ્ત વિશ્વ હૃદય છે. એમના પગમાંથી પૃથ્વી પૈદા થઈ છે. સમસ્ત સૃષ્ટિના, જીવમાત્રના અંતરાત્મા એ જ છે.

સુવિચાર

- શાણા માણસો વિદ્યાનું અને પંડિતાઈનું પણ ઢાંકણ રાખે છે, પંરતુ મુર્ખ માણસનું અંતઃકરણ તેની મૂર્ખતા પ્રગટકર્યા વગર રહેતું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- અકાળ ચર્ચા, વિષય ગોષ્ઠી અને કુમિત્રની સેવા - એ કદી પણ કરવા નહિં - **વિચારદીપ**
- જેનાથી વિઘ્નની પરંપરા દૂર થાય, કામવાસના શમી જાય, ઈન્દ્રિયો પર કાબુ મેળવી શકાય છે એવું તપ વખોડવા લાયક છે - **ફુલછાબ**
- દુનિયાના ખરા મહાપુરુષો પોતાની મોટાઈનાં બણગાં ફૂંકવામાં સમય બદબાદ કરતા નથી - **ચંદ્રકાન્ત બક્ષી**
- તમારી માનિસક કાબેલિયત કોઈ લઈ શકે તેમ નથી - **ડેવિડ થોરો**
- પથ્થર સાથે કાચ અથડાય, ત્યારે હંમશા કાચ જ તૂટે એ જરૂરી નથી, કયારેક પથ્થર પણ ટૂટી શકે છે - **અમૃત કનાડા**
- આજનું ઔષધ : અંકોલના લીલા પાનને પીસી તેની પેસ્ટ બનાવી સોજા ઉપર લગાડવાથી સોજા મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સંતને તેના ભક્તે પૂછ્યું, 'ચાંદો સુંદર હોવા છતાં એમાં ડાઘ કેમ છે ?' એવી રીતે દીવો અજવાળું ફેલાવે છે છતાં તેના નીચે અંધારું કેમ હોય છે? સંતે કહ્યું, તમે કયારેક વિચાર્યું છે કે લોકો ચાંદના ગુણોના વખાણ કરે છે. હંમેશા તેની શીતળતા અને સૌંદર્યની પ્રશંસા કરે છે પરંતુ તમને જ ચાંદા તથા દીવાની પ્રશંસાની જગ્યાએ દોષ જ કેમ દેખાયો ? સંતે આગળ સમજાવતા કહ્યું, 'આવું એટલા માટે થયું કે જે વ્યક્તિ જેવી હોય તેને તેવું જ દેખાય છે. આપણા મનમાં જેવી ભાવનાઓ ઉત્પન્ન થાય છે. આપણે એ ભાવનાઓને વશીભૂત થઈ જતા હોઈએ છીએ. ખરેખર કોઈ વ્યક્તિ કેવી છે એ જાણવા માટે આપણએ આપણા મનને સ્વચ્છ દર્પણ બનાવવું જોઈએ. જેમ દર્પણને સાફ કરવાથી તે ચોખ્ખું થાય છે તેમ આપણા મનને સાફ કરવાથી આપણને વાસ્તવિકતાનું જ્ઞાન થાય છે. કયારેક આપણા વિચારોની છાયા ચિત્તને શુદ્ધ નથી થવા દેતી. મનના વિચારો જયારે શાંત થઈ જાય છે. ત્યારે ચિત્ત શૂન્ય થઈ જાય છે અને આપણી બધી દુર્ભાવનાઓ સદ્દભાવનામાં પરિવર્તિત થાય છે. પછી જ આપણને વાસ્તવિકતાનું જ્ઞાન થાય છે. કોઈ પણ વ્યક્તિમાં આપણને જે દેખાય છે અને આપણે જે ઈચ્છીએ છીએ એ જ વાસ્તવિકતામાં થતું હોય છે. ખરેખર દરેક જણે બીજાનું આકલન કરવામાં સાવધ રહેવું જોઈએ.' ભક્તને પોતાના નકારાત્મક વિચારો બદલવાની જરૂર જણાઈ.

પશુઓની નિકાસથી જીવ હિંસા નહિ અટકે

તંત્રીસ્થાનેથી...

કંડલા અને તૂણા બંદરો પરતી જીવતા 'લાઈવ સ્ટોક'ની નિકાસ થતી હોવાનું જાણ્યા પછી કેન્દ્ર સરકારથી લઈ ગુજરાતની જીવદયાપ્રેમી સંસ્કારી પ્રજા એકાએક ઊંઘમાંથી જાગી છે. કેન્દ્ર સરકારમાં નીતિનિયમો મુજબ આવી નિકાસ નહીં થતી હોઈ ગુજરાત સરકારે એના પર તાત્કાલિક પ્રતિબંધ મૂકી દીધો છે. ગુજરાતમાં કયારેક મહારાજા કુમારપાળના શાસન દરમિયાન જૈન ધર્મને રાજ ધર્મનો દરજ્જો સાંપડ્યો હતો. શાસન સમ્રાટ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના શિષ્ય તરીકે કુમારપાળે આવો આદેશ જારી કર્યો હતો જેની સુદીર્ઘ અસર હેઠળ આજે એક વીસમી સદીમાં ગુજરાતમાં મોટાભાગની પ્રજા શાકાહારી છે. સરકારી રાહે તેમજ ખાનગીમાં કતલખાનાં ચાલે છે પરંતુ માંસાહાર પ્રત્ય સામાન્ય પ્રજાને અરુચિ છે. જૈન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પાસે એમનો જૈન સમાજ જીવદયા મુદ્દે ઊંચી અપેક્ષાઓ સેવે તે સમજી શકાય એમ છે. પરંતુ મુખ્યમંત્રીશ્રી વધુમાં વધુ એટલું જ કરી શકે કે નિયમ મુજબનું ના હોય એવું જીવ હિંસાનું કૃત્ય નહીં થઈ શકે. લાખોની સંખ્યામાં પાડા, ઘેટાં બકરાં, મરઘાંબતકાં અને ભેંસોની કતલ થતી રહે છે. જેને સરકાર અટકાવી શકે તેમ નથી. કરોડોનું હૂંડિયામણ રળી આપતા માછીમારીના ધંધાને તો સરકાર ઊલટાની પ્રોત્સાહન જ આપે છે. આ બધું બધા જ જાણે છે. સ્વામી સચ્ચિદાનંદના એક પુસ્તકનું નામ છે - 'સંપૂર્ણ અહિંસા શક્ય નથી.' આ એક કરુણ હકીકત છે કે જીવ જીવનો આહાર બનતો રહ્યો છે અને એ ક્રમ કુદરતે નક્કી કરેલો છે. માનવીને સંવેદના છે એટલે એ કયારેક બુદ્ધ, મહાવીર કે ગાંધી પેદા કરતો રહ્યો છે. આથી થોડુંક આશ્વાસન જરૂર સાંપડે છે, પણ હિંસા તો થતી જ રહે છે. હિંદુઓનો મોટો ભાગ માંસાહારી છે. માત્ર વૈષ્ણવો શાકાહારી હશે. શક્તિ પૂજકો તો બલિ ચઢાવવાનો અનિવાર્ય રસમ ગણતા રહ્યા છે. એક માત્ર જૈન ધર્મ જીવ માત્રના જીવવાના અધિકારનું સમર્થન કરે છે. વિશ્વમાં પ્રાણી અને પંખીઓ પર માનવજાતે માલિકી હક્ક જમાવેલો છે. આથી ભારત જેવો કહેવાતો અહિંસક દેશ દુનિયમાં 'પિંક રિવોલ્યુશન' કહેતાં માંસની પેદાશમાં અવ્વલ નંબરે છે કારણ કે એની પાસે અઢળક પશુ ધન છે. બીફની નિકાસ ભાજપના શાસનમાં વિક્રમ આંકડે પહોંચી હોય ત્યારે બીજું શું કહેવાનું?

ઉર્દૂમાં એક રૂઢિપ્રયોગ છે : બકરેકી માં કબ તક ખૈર મનાયેગી ?

નવો રેન્ટ એક ભાડુઆતને ફાયદો થશે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

કેન્દ્ર સરકારે નવી રીત દ્વારા સેન્ટ્રલ હાઉસીંગ પ્રમોટ કરવા માટે નવો એક્ટ લાગુ કરવાનો નિર્ણય લીધો છે. કેન્દ્રએ આધુનિક ટેનલ્સી એક્ટ તૈયાર કરવામાં આવેલ છે અને તેમાં રાજયોને સૂચના આપવામાં આવી છે કે તે પોત પોતાના રાજયોમાં એક્ટ બનાવવા માટે આ મોડેલને આધાર બનાવી શકે છે.

હજી સુધી કોઈપણ રાજયોએ આ તરફ કામ કરેલ નથી કે ધ્યાન આપેલ નથી પરંતુ આવી તૈયારી કેટલાક મોટા રાજયો કે મેટ્રોસીટીએ કરી લીધી છે અને આ આધુનિક ટેનલ્સી એક્ટ મુજબ કાયદો ઝડપી લાગુ કરવા માટે તૈયારી કરી દીધી છે જેથી બિલ્ડર દ્વારા વેચાયેલા, પડી રહેલા ટેનામેન્ટ, એપાર્ટમેન્ટ, ફ્લેટમાં તથા ટેનલ્સી આવી શકશે.

ટેનલ્સી એક્ટ ૧૯૬૭ માં આજદિન વખતોવખત સુધારા વધારા રાજયોએ પોતાને અનુકુળ હોય તે રીતે કાયદા ઘડી કરેલ છે જેમાં મોટાભાગે માલીકોને ફાયદો થાય તેવા કાયદા નીતિ નિયમો ઘડવામાં આવ્યા છે. ટેનલ્સી એક્ટ ૨૦૧૬ નો અમલ ૧૭/૧૦/૨૦૧૭ થી કરવામાં આવ્યો છે. જેમાં ઓરલ એગ્રીમેન્ટ, ઈમેચ્યોર નોટીસ, ઈલીગલ લાયાબીટીસ, લીસ્ટમન્ય સેટલમેન્ટ, ડીગ્રીની વિગતો, ભાડામાં વધારો આગળ કરારની મુદતની જોગવાઈઓ વિગેરે ઉપર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. હવે નવા સુધારા ઉપર ૨૦૧૭ ના નિયમોનો કડકાઈથી અમલ શરૂ કરવામાં આવશે.

નવા ટેનલ્સી એક્ટને કયા કયા રાજયોમાં ઘણા ઓછા સમયમાં લાગુ થઈ શકે છે અને આ કાયદો આવવાથી કોને વધારે ફાયદો થશે, ભાડુઆતને કે માલીકને તે જાણવું જરૂરી છે.

કેન્દ્ર સરકારે કેટલાક રાજયોને જણાવ્યું છે કે, રાજયમાં પોતાનું ટેનલ્સી એક્ટ લાગુ કરવા જઈ રહ્યા છે જેમાં ગુજરાત, ગોવા, કેરલ, ઉત્તર પ્રદેશ, કર્ણાટક, બિહાર અને મધ્યપ્રદેશ વગેરે રાજયો આ લીસ્ટમાં આવે છે. કેન્દર મોડેલ પ્રમાણે આ બધા રાજયોમાં ટેનલ્સી કાયદાઓ ફરીથી લાગુ કરવા માટે વિચારી રહ્યા છે.

નવા કાયદામાં સીકયુરીટી ડિપોઝીટ આપવી પડશે નહિ.

ટેનલ્સી એક્ટના ડ્રાફ્ટમાં જયારે મકાન માલીક ભાડુઆત પાસેથી ભાડાની ત્રણ ઘણી સીકયુરીટી ડિપોઝીટ લેવી તે ગેરકાયદેસર ગણાશે. જયાં સુધી તેની નોંધ એગ્રીમેન્ટમાં કરવામાં આવે નહિ, ભાડા કરાર કર્યા પછી ડિપોઝીટ લઈ શકશે. જયારે ભાડુઆત મકાન ખાલી કરી નાખે ત્યારે માલીકે આ રકમ ભાડુઆતને એક મહિનાની અંદર ચુકવવાની રહેશે.

ભાડુ કયારે વધારી શકશો?

મકાન માલીક જયારે મરજી પડે ત્યારે ભાડુ વધારી શકશે નહિ. ડ્રાફ્ટ મુજબ જયારે બિલ્ડીંગના લે આઉટની, દેખભાળની મકાન માલીક અને ભાડુઆત બન્નેની જવાબદારી હોય છે જો મકાનની સ્થીતિ સારી નથી અને વધારે જુની થઈ ગઈ હોય તો મકાન માલીકે તેનું રીનોવેશનનું કામ કરાવે છે અને કામ પૂર્ણ થઈ ગયા પછી એક મહિના બાદ ભાડુ વધારવાની પરમીશન રહેશે. આ વાતની ભાડુઆત સાથે સલાહ લેવામાં આવે છે બીજી તરફ જો આના કરતા ઉલટુ મકાન માલીકનું મકાન ખુબ ખરાબ હોય કે તેનું મકાન ખુબ જુનું ગઈ ગયુ હોય પણ તે રીનોવેશ કરાવતા ના હોય તો આવી સ્થીતિમાં રેન્ટ એકગ્રીમેન્ટ લાગુ થઈ ગયો હોય તો ભાડુઆત મકાન માલીકને ભાડુ ઓછું કરવાનો આગ્રહ કરી શકે છે જો મકાન માલીક આ માટે ના માને તો ભાડુઆત રેન્ટ ઓથોરીટીનો સંપર્ક કરી શકે છે.

મકાન માલીક જાણ કર્યા સીવાય ભાડુઆતના પ્રિમાયસીસમાં દાખલ થઈ શકશે નહિ. મકાન માલીકે ૨૪ કલાકની લેખીત નોટીસ એડવાન્સમાં આપવી પડશે જયારે તે ઘરને જોવા આવે અથવા રીપેરીંગ કરાવવા આવે તો ૨૪ કલાક પહેલા ભાડુઆતને જાણ કરવાની રહેશે.

મકાન માલીક મકાન ખાલી કરાવી શકશે નહિ.

જયારે મકાનનું રેન્ટ એગ્રીમેન્ટમાં લખાવવામાં આવેલા સમય પહેલા મકાન માલીક પોતાનું મકાન ખાલી કરી શકશે નહિ તેમજ કાયદાકીય પ્રક્રિયા પુરી કર્યા સીવાય મકાનનો કબજો લઈ શકશે નહિ,

ભાડુઆત ઘણા મહિનાથી ભાડુ આપનો નથી, મકાનનો દુર ઉપયોગ કરી રહ્યો હોય તો ભાડુઆત રેન્ટ એગ્રીમેન્ટમાં જણાવેલ સમય વીતી ગયા પછી પણ ખાલી કરવા માંગતો ના હોય તો મકાન માલીકે તેની પાસેથી વધારે કે બે ઘણું મહિને ભાડુ માંગવાનો અધિકાર છે.

નોટીસ એક માસ પહેલા આપવી પડે.

જયારે ભાડુઆત તે મકાન ખાલી કરવા માંગતો હોય તો તે માટે તેણે મકાન માલીકને એક માસ પહેલા નોટીસ પાઠવવી પડશે.

એગ્રીમેન્ટ દરમ્યાન ભાડુઆતનું મૃત્યુ થાય તો.

રેન્ટ એગ્રીમેન્ટ દરમ્યાન ભાડુઆતનું મૃત્યુ થઈ જાય છે તો આવી પરીસ્થિતિમાં ડ્રાફ્ટમાં જણાવવામાં આવ્યું છે કે જયારે ભાડુઆતનું મૃત્યુ થઈ જાય તો એગ્રીમેન્ટ પણ ખતમ થઈ જાય છે પરંતુ ભાડુઆત સાથે તેનો પરિવાર રહેતો હોય તો ભાડુઆતના બધા અધિકાર તેમની પત્ની કે તેમના બાળકોની પાસે આવી જાય છે.

કોર્ટમાં સુનવણી નહિ થઈ શકે.

કરારમાં રાજય કેન્દ્ર અને કેન્દ્ર શાસીત પ્રદેશોની સરકારોને જણાવવામાં આવ્યું છે કે અદાલતો પ્રાધિકરણ કે અધિકરણની રચના કરી ભાડા વિવાદના નિરાકરણ લાવી શકે છે. આ બધી સંસ્થાઓમાં ફકત મકાન માલીક અને ભાડુઆત વચ્ચેના વિવાદોના નિરાકરણ લાવવામાં આવે છે હવેથી સીવીલ અદાલતોમાં જવાની જરૂર નથી. આ સંસ્થાઓ ભાડા આધીન સમસ્યાનું નિરાકરણ લાવી શકે છે. ભાડુઆતની સીકયુરીટી ચાર વર્ષની નોર્મલ હોય છે પરંતુ પ્રથમ ૬ માસમાં કોઈપણ કારણ જણાવ્યા સીવાય વધારાના ત્રણ વર્ષ અને ૬ માસ લંબાવી શકે છે. આ ડ્રાફ્ટ ૨૦૧૭ ના નવા સુધારાને સમર્થન આપી ઘડવામાં આવે છે જે નજીકના સમયમાં તમામ રાજયોમાં લાગુ પાડવામાં આવશે જેથી હાઉસીંગમાં તેજી આવશે.

તમારા સુખની ચાવી તમારી પાસે જ છે....

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

હરિ ! તમે તો સાવ જ અંગત
સાંભળજો આ મરજી
ઘણા મૂરતિયા લખી મોકલે વિગતવાર
માહિતી,
એમાં તમે કરજો, ફોટા સાથે અરજી !
હરિ ! હવે તો ઉંમર મારી પરણું પરણું
થાઉં
હરિ, તમોને ગમશે ? જો હું બીજે
પરણી જાઉં ?
મને સીવી લે આખી એવો બીજે ક્યાં
છે દરજી ?
એમાં તમે કરજો, ફોટા સાથે અરજી !

- મુકેશ જોષી

લગ્નની મોસમ અત્યારે પૂરબહારમાં ખીલી છે. શિયાળાની ફુલગુલાબી ઠંડી, સ્વાદિષ્ય શિયાળુ વાનગીઓની મિજબાની અને મોંઘાદાટ કપડાં આ બધાનું એક સુંદર મજાનું સાયુજ્ય એટલે શિયાળાના લગ્નની મૌસમ. પણ જો 'લગ્ન' એ શું છે એ ખરેખર સમજાઈ જાય તો કવિશ્રી મુકેશ જોષીએ ઉપરોક્ત લખેલી પંક્તિ જેવી અરજી કરવાનું મન ચોક્કસ થઈ જાય ! લગ્ન એ દરેકના જીવનની સૌથી મોટી ઘટનો એટલે કે સૌથી વધુ અગત્યની બાબત છે લગ્નરૂપી આ સાયુજ્યને. આ સાહચર્યને આજીવન નિભાવી જાણવું ! આજના આ ઈન્સ્ટન્ટ યુગમાં સહનશક્તિ, ધીરજ અને કોઈ પણ એક જ સંબંધને આજીવન વળગી રહેવાની વૃત્તિ સાવ જ લુપ્ત થઈ જણાઈ રહી છે. માટે લગ્નની અન્ય તૈયારીઓની જેમ જ વરઘોડિયાઓને આ સંબંધ માટે પણ યોગ્ય જાણકારી આપવામાં આવે તો અત્યંત જરૂરી છે.

સમય સાથે બદલાવ અને પરિવર્તન આવશ્યક છે પરંતુ, લગ્નસંસ્થા જેવી સુંદર સમાજ વ્યવસ્થાના પાયા હચમચાવી દે તેવો ફેરફાર શું આવકાર્ય ગણાશ ? આટઆટલી ઝાકઝમાળ અને આનંદ ઉલ્લાસથી લાખો અને કરોડો રૂપિયાના ખર્ચે થતા લગ્નો જયારે પત્તાના મહેલની જેમ કડડભૂસ થઈને પડી ભાંગે ત્યારે કેટલી વેદના અને કેટલી પીડા થતી હશે એ કોઈએ વિચાર્યું છે ?

તમારા સુખની ચાવી તમારી પાસે જ છે. એ બાબતને વર્ણવતી રજૂઆત :

લગ્નની વિધિ પૂરી થઈ ગઈ હતી.

થોડા સમય પહેલાંનાં વરઘોડિયાં હવે નવવિવાહિત પતિપત્ની બની ચૂક્યાં હતાં. કન્યાવિદાયનો વખત થવામાં હતો. વરવધૂ કૂળદેવતાને અને ગોત્રજને પગે લાગી ચૂક્યાં હતાં. વિદાયની આખરી રીતરસમના ભાગરૂપે બારણે કંકુનાં થાપા દેવાઈ ચૂક્યાં હતાં. અત્યાર સુધી હરખે ઉભરાતું વાતાવરણ એકાએક ગંભીર બની રહ્યું હતું.દીકરીની વિદાયની ઘડી લગભગ આવી પહોંચી હતી.

દીકરીની વિદાયનો પ્રસંગ આમેય આકરો હોય છે. વિદાય થતી દીકરીની મા જમાઈને કાંઈક પૂછી રહી હતી - આ પ્રશ્ન નહીં એક જાતની ખાતરી લેવાનો પ્રયાસ હતો - સાસુમા જમાઈને પૂછી રહ્યાં હતાં - "તમે મારી દીકરીને બરાબર જાળવશો ને ? અમે એને હથેળીનો છાંયડો કરી ફૂલની જેમ ઉછેરી છે. પાણી માગ્યું ત્યાં દૂધ આપ્યું છે. એની એકેએક ખુશીનો ખયાલ રાખ્યો છે. અમારી દીકરી હવે તમને સોંપું છું. એને ખુશ તો રાખશો ને? એના સુખ અને ખુશીની તમે મને ખાતરી આપશો જમાઈરાજ?" એક ક્ષણનાય વિલંબ વગર...

પેલા મીંઢળબંધા વરરાજાએ જવાબ આપ્યો — "જી બિલકુલ નહી."

આજુબાજુમાં આ સાંભળતાં સહુ કોઈ હેબતાઈ ગયાં.

વરરાજાએ સાવ આવો જવાબ તો અપાતો હશે?

સાસુમા પ્રશ્નાર્થ નજરે જમાઈ સામે જોઈ રહ્યાં હતાં.

જવાબ આપવાનો વારો હવે જમાઈનો હતો.

ધીરગંભીર અવાજે જમાઈ પોતાની સાસુને કહી રહ્યો હતો -

"તમારી દીકરી, જે હવે મારી પત્ની છે, તેના પ્રત્યેની દરેક જવાબદારી હું અત્યંત કાળજીપૂર્વક અને ગંભીરતાપૂર્વક નિભાવીશ.

મારી ફરજમાં જરાય ઉણો નહીં ઉતરું. પણ... હું તમારી દીકરીને સુખી ન કરી શકું. સુખ તો એણે જાતે જ શોધવું પડશે. સુખી તો એણે પોતે થવું પડશે, એમાં કોઈ મદદરૂપ નહીં થઈ શકે.

એણે પોતે સુખી રહેવાનો વિકલ્પ અને રસ્તો જાતે જ પસંદ કરવાનો છે. કારણ કે... તમારી લાગણીઓના માલિક તમે પોતે જ છો. તે જ રીતે તેની લાગણીઓની માલિક તમારી દીકરી પોતે જ છે. સુખ, ધિક્કાર, પ્રેમ કે ગુસ્સો... તમારી પાસે જે છે તે જ તમારે વહેંચવાનું છે. તમારી પાસે જે છે તે જ તમે વહેંચી શકો છો. જેવું તમે આપશો તેવું મેળવશો.

તમે તમારી દીકરીને સરસ રીતે ઉછેરી છે એટલે સરસ મજાનાં સંસ્કાર પણ આપ્યા છે.

સાસુમા ! મારા કરતાં પણ તમે તમારા ઉછેર પર વધારે વિશ્વાસ રાખો. છેવટે તો જે મૂડી તમે આપી છે તેમાંથી જ તમારી દીકરીએ વહેવાર કરવાનો છે. કોઈ પણ પરિસ્થિતીને અનુકૂળ થવું અને એમાંથી સુખ શોધવું એ વ્યક્તિના ઘડતરનો પાયો છે.

અને જો પાયો બરાબર નખાયો હશે તો ઈમારત તો મજબૂત બનવાની જ છે. હું એમાં ખભેખભો મિલાવીને તમારી દીકરી સાથે ઊભો રહીશ. મારી ફરજમાં ક્યાંય ઉણો નહીં ઉતરું. એ સુખી થાય એ માટેનો બધો જ પ્રયત્ન પૂરી ગંભીરતાથી મારો હશે. પણ સુખી તો એણે પોતે જ થવાનું છે." જમાઈનો જવાબ પૂરો થયો. મોટરનું પૈડું સીંચાઈ ગયું હતું.

ગાડી ચાલવા માંડી. એ દેખાતી બંધ થઈ ત્યાં સુધી પેલી મા એને જોતી રહી. જેટલો એને જમાઈનાં શબ્દોમાં વિશ્વાસ હતો તેટલો જ એને પોતે દીકરીને આપેલા સંસ્કારમાં હતો. એનું આંતરમન કહી રહ્યું હતું...

દીકરી સુખી થશે, થશે અને થશે જ. બરાબર એ સાથે જ એની બંને આંખમાંથી એકએક આંસુ ધસી આવ્યું.

પણ... એ આંસુ ચિંતા કે દુઃખનું નહીં હરખનું હતું. પોતાની દીકરીને સાચું ઘડતર આપ્યું હતું એના વિશ્વાસમાંથી નીપજેલ હરખનું.

દીકરીના સુખી ભવિષ્યના વિશ્વાસનું.

આપણે બધા જાણીએ જ છીએ આજ-કાલ છૂટાછેડા ખૂબ જ વધી ગયા છે.. શુ કામ ?

છોકરાઓ અને છોકરીઓ તો પોતપોતાની મરજીથી લગ્ન કરતા થયા છે ! છતાં આટલા બધા છૂટાછેડા શું કામ ?

આજની દીકરીને તમે ખૂબ ભણાવી... ચાલો ખૂબ સારી વાત છે.

પણ રસોઈ બનાવતા શિખવાડ્યુ ? ના... તો શું શિખવાડયુ ? નોકરી કરતા ! બરાબર ને ? પણ જરા દીકરીને એટલું સમજાવો કે સાસરે બધાના દિલ જીતવા હોય તો એનો રસ્તો પેટમાં થઈને જાય છે. ગમે તેટલા રૂપિયા કમાઈ લો... પણ ભૂખ લાગે ત્યારે પતિ પત્ની પાસે જમવાનુ માંગે એ સારુ લાગે કે રસોયણ પાસે માંગે એ સારુ લાગે ?

બીજું રસોઈ બનાવતા આવડે નહી એટલે હોટેલમાં જવુ, Pizza, Sandwich etc... બનાવવા, બાળકોને ટિફીનમા Bread Butter, Biscuit આપી ઘરના સભ્યોને બિમાર પાડવા...

જયારે મા -દાદી ભણેલા નહોતા પણ કોઈને ડોક્ટર પાસે જવાનો વારો આવતો નહી... જરા વિચારો કોના પર ગર્વ લેવો ? આજની દીકરી પૈસા કમાવા લાગી છે એટલે એને એમ છે કે મારે પુરુષની શુ જરૂર ? પુરુષને લાગે છે હુ રસોયણ રાખી લઈશ, મારે સ્ત્રીની શું જરૂર ? એક બીજાની જરૂરત જ ખતમ થઈ ગઈ છે... બાકી શરીરની ભૂખ સંતોષવા લિવ ઈન રીલેશનશીપ જેવી પશ્ચિમી પ્રથા તો આજની ફૅશન જેવી થઈ ગઈ છે... હવે આમાં છુટાછેડા ન થાય તો બીજુ શુ થાય ? ક્યાં જશે સમાજ એ વિચારો જરા !

- રાજેશ જોશી

Last Seen :
લગ્ન એ એવી પરીક્ષા છે...
જેમાં તમે ઝાકળ અને પતંગિયાઓ પરની કવિતાઓ,
રેશ્મી ગઝલો,
તહેવારો પરના નિબંધો તૈયાર કરીને જાવ છો અને ...
તમને ગણિતનું પેપર અપાય છે...

nehalgadhavi101@gmail.com

પાંચ રાજ્યોમાં ભાજપના પરાજયથી મહાગઠબંધનનો આશાવાદ

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

આખરે રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ જીતવા માંડી છે. વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીની સેમી-ફાયનલ ગણાતી રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, તેલંગણ અને મિઝોરમ સહિતનાં ભારતનાં પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં કેન્દ્રમાં સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી(ભાજપ)ના કારમા પરાજયે લોકોને કોંગ્રેસના નવસર્જનની આશા પૂરી પાડી છે. હિંદીભાષી હૃદયસમાં ભાજપ શાસિત ત્રણ રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં "મૃતઃપ્રાય" ગણાવાતી કોંગ્રેસ સત્તામાં આવે એ નાની સૂની ઉપલબ્ધિ નથી.મધ્યપ્રદેશમાં કોંગ્રેસના જૂના કારીગર અને બાજીગર ગણાતા કમલનાથ મુખ્યમંત્રીપદે પસંદ કરીને ૧૨, તઘલખ લેન (રાહુલનું સત્તાવાર નિવાસસ્થાન) થકી બરાબરની સોગઠી મારવામાં આવી છે.એવું જ રાજસ્થાનમાં અશોક ગેહલોત અને સચિન પાઈલટની જોડીને મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી તરીકે પસંદ કરીને માત્ર કોંગ્રેસ જ નહીં, વિપક્ષી મહાગઠબંધન મજબૂત બને એ માટે કવાયત આદરી છે. તેલંગણમાં વર્તમાન મુખ્યમંત્રી અને તેલંગણ રાષ્ટ્ર સમિતિ(ટીઆરએસ)ના સુપ્રીમો કે.ચંદ્રશેખર રાવે ઓવૈસીબંધુઓના મિત્ર પક્ષ મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન (એમઆઈએમ) સાથે મળીને ફરી સત્તા મેળવવામાં ભવ્ય વિજય હાંસલ કર્યો છે.બટુક ખ્રિસ્તીબહુલ રાજ્ય મિઝોરમમાં દાયકાઓથી શાસન કરતા કોંગ્રેસના મુખ્યમંત્રી લાલ થનહવલાને ભૂંડા હાલે હરાવીને વિપક્ષ મિઝો નેશનલ ફ્રન્ટ (એમએનએફ)નું સત્તારોહણ થયું છે.તોરમાં જણાતા ભાજપના અશ્વમેધને રોકવામાં કોંગ્રેસના "પપ્પૂ" ગણાવી કઢાયેલા રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ મેદાન મારી લોકસભાની આગામી ચૂંટણી માટે ભાજપના વડપણવાળા રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા(એનડીએ)ની નેતાગીરીની નીંદર હરામ કરી દીધી છે.જોકે સામે પક્ષે ભાજપ અને સંઘ પરિવાર આગામી દિવસોમાં કોંગ્રેસ શાસિત રાજ્યોમાં મજબૂત વિપક્ષની ભૂમિકા ભજવીને લોકસભાની ચૂંટણી ફરી જીતીને નરેન્દ્ર મોદી વડાપ્રધાન થાય એવા વ્યૂહ જરૂર રચશે.અત્રે એ સ્મરણ રહે કે મે ૨૦૧૪માં વડાપ્રધાનપદના એનડીએના ઉમેદવાર મોદી લોકપ્રિયતાના શૃંગ પર હતા અને મોદી મોજું દેશભરમાં ફરી વળ્યું હતું ત્યારે પણ તેમના પક્ષ ભાજપને માત્ર ૩૧ % મત સાથે ૨૮૨ બેઠકો મળી હતી. ભાજપને ૧૪ કરોડ મત અને કોંગ્રેસને ૧૦ કરોડ મત મળ્યા હતા, ભલે કોંગ્રેસને માત્ર ૪૪ બેઠકો મળી હોય.સ્વાભાવિક રીતે વિપક્ષો વેરવિખેર હતા એટલે તેમની વચ્ચે મત વહેંચાઈ ગયા હતા.આગામી ચૂંટણીમાં વિપક્ષો મહાગઠબંધન રચીને ભાજપના નેતૃત્વવાળા એનડીએનો મુકાબલો કરવાના છે.

ગજગામી કોંગ્રેસ વિજયમાં પણ સ્વસ્થ

વર્ષ ૧૯૯૫માં કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી એમ.ફિલ.પદવી મેળવનાર રાહુલ અને તેમનાં માતુશ્રી તેમજ સંયુક્ત પ્રગતિશીલ જોડાણ (યુપીએ)નાં અધ્યક્ષા સોનિયા ગાંધીએ છેલ્લાં કેટલાંક વર્ષોમાં હીન પ્રકારના પ્રચારના ભોગ બનવું પડ્યું હોવા છતાં ધૈર્ય જાળવ્યું છે. પક્ષને મજબૂત કરવાનું ધ્યેય હાંસલ કરવા ભણી ધ્યાન કેન્દ્રિત કર્યું.એના જ પ્રતાપે કોંગ્રેસના અધ્યક્ષ બન્યાના એક વર્ષની પૂર્ણાહુતિના દિવસે જ એટલે કે ૧૧ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ ત્રણ મહત્વનાં રાજ્યોમાં ભાજપ પાસેથી સત્તા હાંસલ કરવાના શુભ સમાચાર કોંગ્રેસના અધ્યક્ષને સોંપડ્યા છે. એમણે તે વિનમ્રતાપૂર્વક ગ્રહણ કર્યા છે. આ નિર્ણાયક વિજય છતાં કોંગ્રેસ છાકટી થયેલી લાગતી નથી.

- **રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢનો ગઢ જીતીને રાહુલ ગાંધીની ડૂબતી સાખમાં એકાએક ઉછાળો આવ્યો**
- **ભોપાલ કમલનાથને અને જયપુર અશોક ગેહલોત-સચિન પાઈલટને સોંપાતાં નાણા અને જોડાણની નવી હવા**
- **નારાજ ભાજપી સાંસદ ફિરોઝ વરુણ ગાંધી પિતરાઈ રાહુલની સેનામાં સામેલ જાય તો બહુ આશ્ચર્ય નહીં થાય**
- **દેશભરમાં ભગવો લહેરાવવાનો દાવો કરનાર ભાજપ કને આજે દેશના ૩૨માંથી માત્ર ૧૨ જ મુખ્યમંત્રી છે !**

"કોંગ્રેસ મુક્ત ભારત"ની ભાજપની નેતાગીરીની જેહાદ છતાં રાહુલે "ભાજપમુક્ત ભારત"ના વિચારને પોતાના કાર્યકરોમાં પ્રવેશવા નહીં દેવાની હાકલ કરી છે.સોનિયા ગાંધીએ "ભાજપના નકારાત્મક રાજકારણ"ને પ્રજાએ નકારી કાઢયાનું જણાવ્યું હતું. છેલ્લી વિધાનસભાની ચૂંટણી જીતવા માટે ભાજપ અને સંઘ પરિવાર તરફથી આસમાની સુલતાનીના પ્રયાસો કરાયા.વડાપ્રધાન મોદી, ભાજપ અધ્યક્ષ અમિત શાહ,કેન્દ્રના ગૃહ મંત્રી રાજનાથ સિંહ તેમ જ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રામમંદિર, હનુમાનજીની જ્ઞાતિ, રાહુલ ગાંધીનું ગોત્ર, કોંગ્રેસની વિધવા, હિંદુત્વ, ગોરક્ષા સહિતના મુદ્દા ખૂબ ઉછાળ્યા છતાં ભાજપના હાથમાંથી ત્રણ મુખ્ય રાજ્યો સરી ગયાં.ખેડૂતોની નારાજગી, આદિવાસી અને દલિતોનું કોંગ્રેસ ભણી પાછા ફરવું, કેન્દ્ર સરકારનાં વચનોના અમલમાં વિલંબ તેમજ લઘુમતીઓમાં અસલામતી સહિતના મુદ્દા કેન્દ્ર અને રાજ્યોમાં સત્તારૂઢ ભાજપને નડી ગયા.પ્રજાને સ્પર્શતા મુદ્દાઓની કોંગ્રેસની વાત, ખેડૂતોની આત્મહત્યાઓ, ખેડૂત દેવાં માફીની ખાતરી, યુવા વર્ગને નોકરીઓ આપવાની વાત તેમજ કોમી સૌહાર્દ જાળવવાની વાતે પ્રભાવ પાડ્યો. નોટબંધી અને જીએસટીના પ્રતાપે પ્રજાએ ભોગવવી પડેલી હાલાકી પણ મુદ્દા બન્યા.

ગુજરાતથી રાહુલની નવી છબિ

ગુજરાત સહિતની દેશની વર્ષ ૨૦૧૭ની ઉત્તર પ્રદેશ, પંજાબ, મણિપુર, ગોવા, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશની વિધાનસભાઓની ચૂંટણીઓમાં એકમાત્ર પંજાબ સિવાય અન્ય રાજ્યોમાં પરાજય છતાં રાહુલ ગાંધી હિંમત હાર્યા નહીં. ભાજપ થકી રાહુલને પરાજયના સોદાગર ગણાવવામાં આવવા માંડ્યા હતા. હજુ આજે પણ રાહુલ જ્યાં સભા યોજે ત્યાં બેઠક જીતે છે કે હારે છે એની ચર્ચા થાય છે. રાહુલના દાદા ફિરોઝ ગાંધી મૂળ ભરૂચના પારસી પરિવારના હતા.એમનાં લગ્ન પંડિત જવાહરલાલ નેહરુનાં એકમાત્ર સંતાન એવાં ઈન્દિરાજી સાથે થયાં હતાં.નેહરુ ભારતના પ્રથમ વડાપ્રધાન હતા.તેમનાં પુત્રી ઈન્દિરા પણ વડાપ્રધાન બન્યાં હતાં. તેમજ જમાઈ ફિરોઝ પણ સાંસદ હતા.ફિરોઝ અને ઈન્દિરાના બે દીકરા રાજીવ ગાંધી અને સંજય ગાંધી.રાજીવ વડાપ્રધાન બન્યા હતા.ઈન્દિરાજી અને રાજીવ બંનેની આતંકવાદીઓએ હત્યા કરી હતી. બંને દેશ કાજે શહીદ થયાં હતાં.સંજય સાંસદ હતા અને વિમાન અકસ્માતમાં માર્યા ગયા હતા.તેમનાં પત્ની મેનકા ગાંધી અત્યારે મોદી સરકારમાં મંત્રી છે. સંજય-પુત્ર ફિરોઝવરુણ ગાંધી પણ ભાજપના સાંસદ છે. સંજયના આજીવનમિત્ર રહેલા કમલનાથ મુખ્યમંત્રી બનતાં ફિરોઝવરુણ ગાંધી કોંગ્રેસ ભણી ગતિ કરે તો નવાઈ નહીં. પિતરાઈ રાહુલ સાથે એમના અંગત સંબંધ સારા જ રહ્યાં છે અને ભાજપની નેતાગીરીથી એ નારાજ ચાલે છે.રાજીવ-પત્ની સોનિયા ગાંધી કોંગ્રેસનાં અધ્યક્ષા રહ્યાં અને કોંગ્રેસનાં સાંસદ છે.રાહુલ પણ કોંગ્રેસના સાંસદ છે. ડિસેમ્બર ૨૦૧૭ની ગુજરાત વિધાનસભા ચૂંટણીએ રાહુલના વ્યક્તિત્વમાં આમૂલ પરિવર્તન આણ્યું. વિધાનસભામાં વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા જ નહીં બીજા ૧૪ કોંગ્રેસી ધારાસભ્યોએ રાજ્યસભાની ચૂંટણી ટાણે જ પક્ષ સાથે દગો કરીને ભાજપની છાવણીને મદદ કરવાનું નક્કી કર્યું. એ છતાં કોંગ્રેસના ઉમેદવાર અહમદ પટેલ જીત્યા.રાજ્યમાં કોંગ્રેસને ફરી બેઠી કરવા ઉપરાંત નવી પેઢી અને અનુભવી પેઢી વચ્ચે તાલ મેળવીને પક્ષને મજબૂત કરવાનો પડકાર પણ રાહુલ ગાંધી

અનુસંધાન પાના નં ૭ પર